| RECEIVED ONE | | 28-02-2026 |
|---|---|---|
| REGISTERED ON | | 28-02-2026 |
| DECIDED ON | | 07-03-2026 |
| DURATION | | |
| YEAR:00 | MONTH:00 | DAYS: 7 |

सत्यमेव जयते

## ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૪૩/૨૦૨૬**

**Ex - 7**

**હિરલ સતિષચંદ્ર કંસારા,**
ઉ.વ.આ.૪૬, ધંધો–વેપાર,
રહે. ૫૦૫, શીલ્પ કોમ્પલેક્ષ,
શીલજ–થલતેજ રોડ, અમદાવાદ.
(હાલ જયુડી.કસ્ટડી તા.૧૫/૦૧/૨૦૨૬) ........ **અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** ........ સામાવાળા

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી. પી.જે.મીસ્ત્રી,

સરકાર તર્ફે શ્રી એન.એચ.રાવલ.

સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૬૨૫૦૦૨૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા કલમ– ૩૧૬(૨),૩૧૮(૪), ૩૧૯ (૨), ૬૧(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જજમેન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે ગાંધીનગર રેન્જ, સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૬૨૫૦૦૨૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા કલમ– ૩૧૬(૨),૩૧૮

(૪), ૩૧૯ (૨), ૬૧(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૧૫/૦૧/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં કહેવાતો ગુનો અમો અરજદારે કરેલ નથી. જેથી અમો નિર્દોષ છીએ.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, એફ.આઈ.આર. જોતાં ફરીયાદીએ અજાણ્યા ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલ છે. ફરીયાદમાં અરજદાર/આરોપીનું નામ નથી. અરજદારે તેમનું એકાઉન્ટ તેમના ધંધાકીય મિત્ર તથા તેઓના મિત્ર મિહીરને ધંધાકીય હેતુ માટે વાપરવા આપેલ હતું. તેઓ વચ્ચે ધંધાકીય વ્યવહારના રૂ.૨,૬૦,૦૦૦/– અરજદારના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જેની એન્ટી પણ તેઓના ધંધાકીય વ્યવહાર તરીકે દર્શાવેલ છે. ત્યારબાદ સદર રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયેલ છે. તેની વિગત મળી આવેલ નથી. સદર રકમ અરજદાર/આરોપી પાસેથી કબજે થયેલ નથી. અરજદાર/આરોપી એ કોઈ નાણાકીય લાભ મેળવેલ નથી. ખોટી રીતે સદર ગુનામાં સંડોવી લીધેલ છે. મોટા ભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. તપાસ અર્થે અમો અરજદારની કોઈ જરુરીયાત હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થતી નથી. તપાસમાં સાથ સહકારી આપીશું. સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત હોય જામીન મુકત કરવા અરજ કરેલ છે.

**૨.3** વિશેષમાં જણાવેલ છે કે, સજાની જોગવાઈ જોતાં સાત વર્ષની છે. કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી.મેજી. ફ.ક.ની અદાલતની હકુમતની છે. સજાની જોગવાઈ ધ્યાને લેતાં હાલની આ જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી એ ફરીયાદીને શેરબજારમાં ટ્રેડીંગ વિશે માહીતી આપી, ટ્રેડીંગ કરાવી શરુઆતમાં ફરીયાદીને નફો અપાવી વિશ્વાસમાં લઈ ''નલ્વા સન્સ ઈન્વેસ્ટમેન્ટ લીમી.'' એપ્લીકેશનમાં તા.૧૩/૧૨/૨૦૨૪ થી તા.૦૨/૦૧/૨૦૨૫ સુધી જુદા જુદા બેંક ખાતાઓમાં કુલ

રૂા.૩૪,૫૭,૫૦૦/– ભરાવડાવી પૂર્વ આયોજીત કાવત્રુ રચી ફરીયાદી સાથે ઓન લાઈન છેતરપીડી વિશ્વાસઘાત કરી મેળવી લીધેલ છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, એકસીસ બેંક ખાતા નં.૯૨૦૦૨૦૦૧૨૮૯૪૪૧૦ ના ખાતામાંથી અરજદાર/આરોપીના એકસીસ બેંક એકાઉન્ટ નં. ૯૨૪૦૨૦૦૬૪૫૩૬૧૩૭ માં તા.૦/૧૨/૨૦૨૫ ના રોજ રૂા.૨,૬૦,૦૦૦/– જમા થયેલા છે જેમાંથી અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલા છે. જેથી અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે.

**3.3** આ કામના અરજદાર/આરોપીએ રૂા.૫૦,૦૦૦/–ના આર્થિક લાભ મેળવવા માટે પોતાના નામનું બેંક એકાઉન્ટ કેતન રાઠોડ, રહે. નિલામ્બર સર્કલ પાસે, ભાયલી–વાસણા રોડ ને અને તેઓએ વડોદરા વાળા મારફતે મીહીર જયસ્વાલ નામના વ્યકિતને આપેલ છે જેઓને અટક કરવાના બાકી છે. અરજદાર સામે વડોદરા તાલુકા પોલીસ સ્ટેશને સાયબર ક્રાઈમને લગતો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

**૩.૪** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી પોતાના આર્થિક ફાયદા અને કમીશન મેળવવા સહ આરોપીઓ સાથે ફરીથી આવા ગુના કરે તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે ગાંધીનગર રેન્જ, સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૬૨૫૦૦૨૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા કલમ– ૩૧૬(૨),૩૧૮ (૪), ૩૧૯ (૨), ૬૧(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામે અજાણ્યા આરોપીએ ''નલ્વા સન્સ ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડ'' ટ્રેડીંગ કંપનીનું ખોટું નામ ધારણ કરી ફરીયાદીના મો. નં. ૯૭૧૨૯૯૬૭૧૨ ઉપર મો. નં. ૮૨૬૪૭૫૫૮૯૧ થી ફરીયાદીના મોબાઈલના વોટસઅપ ગૃપમાં મેસેજ કરી

VIP NSIL long term Member Group-102 ગૃપ માં એડ કરી મોબાઈલ નં. ૮૩૫૫૦ ૫૫૧૮૯ વાળા ઈસમ સાથે ચેટીંગ કરવાનું જણાવી તેમના ધ્વારા શેર બજારમાં ટ્રેડીંગ વિશે માહીતી આપી ટ્રેડીંગ કરાવી શરુઆતમાં ફરીયાદીના રોકાણ સામે ફરીયાદીને નછો આપી વિશ્વાસમાં લઈ ''નલ્વા સન્સ ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડ'' એપ્લીકેશનમાં તા.૧૩/૧૨/૨૦૧૪ થી તા.૦૨/૦૧/૨૦૨૫ સુધી જુદા જુદા બેંકના ખાતાઓમાં કુલ રૂા.૩૪,૫૭,૫૦૦/– ભરાવડાવી પૂર્વ આયોજીત કાવત્રુ રચી ફરીયાદી સાથે ઓન લાઈન છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

- રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપી અન્ય આરોપી ફરીયાદી ને શેરબજારમાં ટ્રેડીંગ વિશે માહીતી આપી, ટ્રેડીંગ કરાવી શરુઆતમાં નફો કરાવી વિશ્વાસમાં લઈ તા.૧૩/૧૨/૨૦૨૪ થી તા.૦૨/૦૧/૨૦૨૫ સુધી જુદા જુદા ખાતાઓમાં કુલ રૂા.૩૪,૫૭,૫૦૦/– ભરાવડાવી મેળવી લીધેલાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. જે એકસીસ બેંક ખાતા નં.૯૨૦૦૨૦૦૧૨૮૯૪૪૧૦ ના ખાતામાંથી અરજદાર/આરોપીના એકસીસ બેંક એકાઉન્ટ નં. ૯૨૪૦૨૦૦૬૪૫૩૬૧૩૭ માં તા.૦/૧૨/૨૦૨૫ ના રોજ રૂા.૨,૬૦,૦૦૦/– જમા થયેલા છે જેમાંથી અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલા છે. જેથી અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. તેમજ અરજદાર/ આરોપીએ પોતાનું બેંક એકાઉન્ટ રૂા.૫૦,૦૦૦/–નો આર્થિક લાભ મેળવવા માટે કેતન રાઠોડને અને તેઓએ મીહીર જયસ્વાલને આપેલાનું જણાઈ આવે છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.
- અરજદાર/આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. સહ આરોપીઓને અટક કરવાના બાકી છે. તપાસ નાજુક તબકકે છે. દસ્તાવેજી પુરાવા પણ કબજે કરવાના બાકી હોય તેવું જણાય છે. અરજદાર સામે વડોદરા તાલુકા પોલીસે સાયબર ક્રાઈમને લગતો ગુનો નોંધાયેલ છે.ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેથી જામીન મુકત કરવામાં આવશે ફરીથી આવા ગુના કરે તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

**૫.** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓએ ભેગા મળીને ખુબજ મોટા પ્રમાણ માં સાયબર ફ્રોડ કરી રોકડ રકમની હેરાફેરી કરેલ છે અને તે પેટે કમીશન પ્રાપ્ત કરેલ છે. તપાસ નાજુક તબકકે છે. દસ્તાવેજી પુરાવા કબજે કરવાના બાકી છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાથી શકયતા નકારી શકાય તેમ નથી. તેથી ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર ને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) અરજદાર/આરોપી **હિરલ સતિષચંદ્ર કંસારા,** ઉ.વ.આ.૪૬, ધંધો–વેપાર, રહે. ૫૦૫, શીલ્પ કોમ્પલેક્ષ, શીલજ–થલતેજ રોડ, અમદાવાદ. નાઓની ગાંધીનગર રેન્જ, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૬૨૫૦૦૨૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૬(૨),૩૧૮(૪), ૩૧૯ (૨), ૬૧(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–**૦૭મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૭–૦૩–૨૦૨૫.**
સ્થળ : ગાંધીનગર.

/PSP/

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.